નેશનલ લાઈબ્રેરી ઓફ મેડીસીન ડેટાબેઝ PubMed Online વિષય પર વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

હેલ્થ સાયન્સ લાઈબ્રેરી એસોસિશન દ્વારા હેલ્થ સાયન્સ લાઈબ્રેરી પ્રોફશન અને હેલ્થ કેર પ્રોફેશન માટે યુનાઈટેડ સ્ટેટ્સની નેશનલ લાઈબ્રેરી ઓફ મેડીસીનનો ડેટાબેઝ PubMed Online વિષય પર નેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મેડીસીન ડેટાબેઝ તરીકે ઓળખાતાં ડેટાબેઝમાં ૩૦ મિલિયનથી વધારે સંદર્ભ સ્રોત અને એબસ્ટ્રેક ફ્રી ઉપલબ્ધ છે. જે મુખ્યત્વે હેલ્થ સાયન્સથી લઈને આજ સુધીની સંગ્રહાયેલ માહિતીનો ડેટાબેઝ વિશ્વસનીય અને આધારભૂત ગણવામાં આવે છે. મેડીકલ ક્ષેત્રમાં નવા સંશોધનો માટે PubMed નું મહત્ત્વ વધારે છે.





હાલની કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં આપણી સ્વાસ્થ્ય સંભાળ રાખતા ડૉકટર્સ, નર્સીસ, હેલ્થ વ્યવસાયિકોને સચોટ અને યોગ્ય સમયે માહિતીના સ્તોત્ર ઉપલબ્ધ કરવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને PubMed વિષય પર વેબીનાર યોજાયો હતો. વેબીનારમાં રિસોર્સ પર્સન તરીકે ગર્વમેન્ટ મેડિકલ કૉલેજ ભાવનગરના એસોસિએટ પ્રોફેશર ડૉ. ચિન્મય શાર દ્વારા ઓછા સમયમાં ચોક્કસ અને સચોટ માહિતી કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેવું માહિતીસભર પ્રેઝન્ટેશન આપ્યું હતું. વેબીનારમાં ભારતમાંથી હેલ્થ સાયન્સ પ્રોફેશનના લોકોએ ભાગ લીધો હતો. સી.યુ. શાહ મેડિકલ કૉલેજ સુરેન્દ્રનગરના ચીફ લાઈબ્રેરીયન ડૉ. શામજીભાઈ પરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હેલ્થ સાયન્સ લાઈબ્રેરી,લાઈબ્રેરીયન એ સ્વાસ્થ્ય પ્રણાલીનો એક આવશ્યક ભાગ છે. દર્દીની સારવાર પર તેની અસર પડે છે કેમ કે, ચિકિત્સકો અને સાથી આરોગ્ય વ્યવસાયિકો અને સંસોધકોને તેમના સ્પેશ્યલાઈઝેશનમાં તાજેતરની માહિતી પૂરી પાડવામાં મદદરુપ બની રહે છે.

સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગના આસી. લાઈબ્રેરીયન ડૉ. અંજના બારોટ દ્વારા પ્રશ્નોત્તરી સેશન સરસ રીતે સંભાળ્યું હતું. અને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન્ન યુનિવર્સિટીના લાઈબ્રેરીયન દિપ્તી પ્રજાપતિએ આભારવિધિ કરી હતી. આ વેબીનારને સફળ બનાવવામાં બી જે મેડિકલના લાઈબ્રેરીયન એચ. ડી. પારધી દ્વારા સહઆયોજક રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એમ.એમ.સી. ડેન્ટલ કૉલેજના લાઈબ્રેરીયન સંજય લીંબાચીયા કૉ-ઓર્ડિનેટર તરીકે મહત્ત્વની ભૂમિકા સંભાળી હતી. તે ઉપરાંત ગુજરાતની તમામ મેડિકલ કૉલેજ, નર્સિંગ કૉલેજ તથા હેલ્થ સાયન્સની ટીમનો સહયોગ રહ્યો હતો.

આઈઆઈટી ગાંધીનગર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો શરૂ કરે છે. આ એક વર્ષ કાર્યક્રમનો ઉદ્દેશ એવા વિદ્યાર્થીઓને મદદ કરવાનો છે કે જેમની ઉચ્ચ શિક્ષણ અથવા રોજગાર યોજનાઓ COVID-19 રોગચાળા દ્વારા ખલેલ પામી છે.

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ઈ-એલ્યૂમિનિ ટોકનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ૦૭/૦૫/૨૦૨૦ ગુરુવાર ના રોજ પ્રથમ E-Alumini ટોકનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ઈ-એલ્યૂમિનિ સંવાદ, અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીની મિસ ખુશાલી જોશી (ટ્રેઈની રીસર્ચ એસોસીએટ આઈ.પી.આર સેલ,ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ લિમિટેડ) ઝૂમ એપ દ્વારા ઓનલાઈન કરવામાં આવ્યો હતો. આ સંવાદમાં ૩૨૦ જેટલા ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થી તથા ફેકલ્ટી અને ભૂતપૂર્વ વિદ્યાર્થી તદુપરાંત ડૉ. ડી. એમ.પટેલ (એસોસિએટ પ્રોફેસર,ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ ફાર્મસી,જી.ટી.યુ)ભાગ લીધો હતો.

દેશભરમાં લોકડાઉન હવે જ્યારે તા. ૧૭/૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવ્યું છે ત્યારે આ પરિસ્થિતિમાં આ ઈ- એલ્યુમિનિ ટોક રાખવાનો ઉદ્દેશ, અભ્યાસક્રમથી અલગ અને સોફ્ટ સ્કીલ વધે માટેનો હતો. જ્યારે હવે જ્ઞાન આધારિત યુગ ચાલી રહ્યો છે ત્યારે વિદ્યાર્થી કેવી રીતે પોતાની જાતને ફાર્મા ઉદ્યોગ માટે સક્ષમ બનાવી શકે એ માટે આ ઈ-એલ્યૂમિનિ ટોક નું આયોજન કરવાં આવ્યું હતું.

સંવાદ ની શરૂઆતમાં, તમામ વિદ્યાર્થી અને મિસ ખુશાલી નું સ્વાગત શ્રી ભાવિન ભીમાણી (આસીસ્ટન્ટ પ્રોફેસર, ફાર્મસીયુટિકસ, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) દ્વારા કરવાં આવ્યુ હતું. ત્યારબાદ મિસ ખુશાલીએ વિદ્યાર્થીઓ સાથે ખુબજ સરળ રીતે આઈ. પી.આર. એટલે કે ઈન્ટેલેક્ટયુઅલ પ્રોપર્ટી રાઈટસ શું છે, તેના વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. મિસ ખુશાલી એ વિદ્યાર્થીઓને, પેટન્ટ શું છે, કઈ વસ્તુ અથવા પ્રોડક્ટને આપણે પેટન્ટ કરાવી શકીએ, અને પેટન્ટ કેવી રીતે ફાઈલ કરવી એ વિશે પણ વિસ્તૃત જ્ઞાન આપ્યું હતું. તદુપરાંત ઈન્ડિયન પેટેન્ટ લો અને પેટન્ટ એજન્ટ ની પરીક્ષા અને પેટન્ટ એજન્ટના કાર્યો ખુબ જ સરસ રીતે સમજાવ્યા હતા. પેટન્ટ સર્ચ કરવા માટે વિવિધ વેબસાઈટ જેમકે યુ.એસ.પી.ટી.ઓ, ઓરેન્જ બુક વગેરે વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી અને આઈ.પી.આર ના વિવિધ કોર્સ જેમ કે, જી.ટી.યુ PGDIPR, વાઈપો ડિસ્ટન્સ લર્નિંગ કોર્સ વિશે પણ જણાવ્યું હતું. અંતમાં ખુશાલી એ પ્રેક્ષકોની માંગણીને માન આપી કમ્પલસરી લાઈસન્સિંગ વિશે પણ માહિતી આપી હતી. ત્યારબાદ વિવિધ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી, જેમાં ડોક્ટર ડી.એમ.પટેલ, ડો. રાગિન શાહ(પ્રિન્સિપલ, એ.એસ.પી એન્ડ બી આર આઈ), ડૉ. દિવ્યકાન્ત પટેલ (વાઈસ પ્રિન્સિપાલ, એ.એસ.પી એન્ડ બી. આર.આઈ) અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્ન-ઉત્તર કરવામાં આવ્યા હતા, જેમકે ઈનફ્રીન્જમેન્ટ શું છે? પ્લાન્ટ એક્સટ્રેક્ટ ની વિધિ ને પેટેન્ટ કરાવી શકીયે કે નહિ? ઈન્ડિયા સિવાય બીજા દેશ માં કેવી રીતે પેટેન્ટ ફાઈલ કરી શકીયે? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર મિસ ખુશાલી એ ખૂબ જ સરળ રીતે જવાબ આપી પ્રેક્ષકોને જ્ઞાન આપ્યું હતું. અંતમાં જૈમિન પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, ફાર્મસીયુટિકસ, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) એ તમામ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ, મેનેજમેન્ટ, કો-ઓર્ડીનેટર શ્રી ભાવિન ભીમાણી તેમજ શ્રી કિષ્ના વાઘેલા (આસિસ્ટન્ટ પ્રોફેસર, ફાર્મસીયુટિકસ, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ)નો આભાર માન્યો હતો.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'ગેટિંગ સ્ટાર્ટેડ વિથ ઓગમેન્ટેડ/વર્ચ્યુઅલ રિયાલિટી' વિષય પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્ફોમેશન ટેક્નોલોજી એન્જી. ડિપાર્ટમેન્ટ દ્વારા 'ગેટિંગ સ્ટાર્ટેડ વિથ ઓગમેન્ટેડ/ વર્ચ્યુઅલ રિયાલિટી' વિષય પર વેબિનાર યોજાયો.જેમાં એક્સપર્ટ તરીકે હર્ષિત લાલપુરા (ફાઉન્ડર ,હેશ મીડિયા) ઉપસ્થિત રહ્યા હતા.તેમણેઓગમેન્ટેડ/વર્ચ્યુઅલ રિયાલિટી ફંડામેન્ટલ્સ, ડિફરન્ટ ટાઈપ્સ ઓગમેન્ટેડ /વર્ચ્યુઅલ રિયાલિટી,એપ્લિકેશન સ્પેસિફિક એકઝામ્પલ્સ ઓફ છઈ/ફઈ,યુઝ ઓફ યુનિટી સોફ્ટવેર ફોર વર્ચ્યુઅલ રિયાલિટી વિષે રસપ્રદ માહિતી આપી હતી.

સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે ઈમર્જિંગ ટેક્નોલાજી એવી ઓગમેન્ટેડ/વર્ચ્યુઅલ રિયાલિટી વષે જણાવ્યું હતું કે તે ઈન્ડસ્ટ્રી એન્ડ મેન્યુફેક્ચરિંગ, હેલ્થકેર, એજ્યુકેશન,ડિફેન્સ, એન્જીનીયરીગ, રિટેઈલ, માર્કેટિંગ એન્ડ એડવરટીઝીગ ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે ઉપરાંત બી.એ.પી.એસ જેવી ધાર્મિક સંસ્થાઓ પણ ઉપરોક્ત ટેક્નોલાજીનો ઉપયોગ કરવામાંઆગળઆવી રહી છે.આઈ.ટી એન્જીના વડા ડૉ. કેયુર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે ઉપરોક્ત વેબિનાર વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ્સ તથા સ્ટાર્ટ અપમાં ઘણો ઉપયોગી નીવડશે.

ઉપરોક્ત વેબિનાર માં ૧૭૫ થી વધારે અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

ડાયરેક્ટ ❤ સે

જરૂર વગર ખરીદી કરશો તો જે જરૂરી છે તે વેચવાનો વારો આવશે...

જન્મદિને વધામણી

રસિકલાલ આર દવે
નિવૃત્ત ઈલેક્ટ્રીક સુપરવાઈઝર
સરકારી છાપકામ
અને લેખન સામગ્રી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧

ધ્રુવમ દિપકકુમાર રૂપાકર
મો. ૯૪૨૭૦ ૧૬૮૩૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા કયા કયા વિકલ્પો રહેલા છે?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

૧. હું આ વર્ષે જ બી.એસ.સી પૂરું કરવા જઈ રહી છું. લેબ ટેક્નિશિયનના ક્ષેત્રમાં આગળ વધવા માટે શું કરવું? માહિતી અપશો.

- પ્રદીપ વાળા, ગાંધીનગર

સૌપ્રથમ તો આપને લેબ ટેક્નિશિયન ની માહિતી આપીએ તો, તબીબી ક્ષેત્ર માં એવા પણ ઘણા વિકલ્પો ઉપબ્ધ છે જેમાં આપ દર્દી ના પ્રત્યક્ષ સંપર્ક માં આવ્યા વિના એટ્લે કે રૂબરૂ મળ્યા વગર પણ એ ક્ષેત્ર માં કામ કરી શકો છો.એ અનુસંધાન માં જ એક બહુ સારો વિકલ્પ છે મેડિકલ લેબ ટેક્નિશિયન. જ્યારે એક બાજુ મોટા ભાગ ક્ષેત્ર માં નોકરી મેળવનાર ની સંખ્યા ઓછી થઈ રહી છે ત્યાં એક રિપોર્ટ પ્રમાણે આ ક્ષેત્ર માં નોકરી મેળવનાર ની સંખ્યા ૨૦૨૪ સુધી માં ૧૮% સુધી વધવાનો પણ અંદાઝ છે.જે બહુ સારી વાત છે. તબીબી લેબોરેટરી તકનીકને ક્લિનિકલ લેબોરેટરી સાયન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ક્ષેત્ર મુખ્યત્વે ક્લિનિકલ પ્રયોગશાળા પરીક્ષણો દ્વારા રોગના નિદાન,

સારવાર અને નિવારણથી સંબંધિત છે. અભ્યાસક્રમના ભાગરૂપે, વિદ્યાર્થીઓ પરીક્ષણોનું નિદાન કરવા શીખે છે જે રોગના નિદાન અને સારવારમાં મદદ કરે છે. આ ઉપરાંત, કોર્સ અદ્યતન સાધનોને હેન્ડલ કરવા માટે આવશ્યક કુશળતા સાથે ઉમેદવારોને સજ્જ કરે છે જેથી સચોટ પ્રયોગશાળા પરીક્ષણો કરે. મેડિકલ લેબ ટેક્નોલૉજિસ્ટ દ્વારા કરવામાં આવતી ફરજોની સંખ્યા અત્યંત માંગની સ્થિતિ બનાવે છે તબીબી પ્રયોગશાળા તકનીકીમાં કાર્ય કરવા માટે આપની પાસે સર્જનાત્મકતા, સમસ્યાનું નિરાકરણ કૌશલ્ય, નવીનતા અને સમય સૂચકતા અને ધીરજ હોવી ખૂબ જરૂરી છે.તે ક્ષેત્રમાં બ્લડ બેન્કિંગ, ક્લિનિકલ કેમિસ્ટ્રી, હેમેટોલોજી, ઈમ્યુનોલોજી, માઈક્રોબાયોલોજી, સાયટોટેકનોલોજી, યુરીન વિશ્લેષણ અને રક્ત નમૂના વગેરે જેવા ક્ષેત્રો શામેલ છે.લેબ ટેક્નિશિયન માં માસ્ટર કર્યા બાદ આપના સામે ઘણા વિકલ્પો ઉપલબ્ધ થઈ શકશે.જેમ કે સીટી સ્કેન ટેકનિશિયન , એમઆરઆઈ ટેકનિશિયન ,એક્સ રે ટેક્નિશિયન ,ડેન્ટલ મશીન તકનીકી, ઓપરેશન થિયેટર તકનીકી,એમઆરઆઈ તકનીકી, પેથોલોજી ટેકનોલોજી વગેરે.એ સિવાય પણ આપ રિસર્ચ લેબ અથવા કોઈ પ્રખ્યાત હોસ્પિટલ માં પણ લેબ ટેક્નિશિયન તરીકે આપ કામ કરી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

૨. મે ગ્રેજ્યુએશન સુધી અભ્યાસ કરેલ છે.મારે એ જાણવું છે કે શાળામાં એટ્લે કે શિક્ષણ જગત માં આગળ વધવા માટે કયા ક્યાં ક્ષેત્ર રહેલા છે? માહિતી આપશો.

- દિસી લીંબાચિયા, ગાંધીનગર

આપની વાત ઉપરથી ફલિત થાય છે કે આપને વિદ્યાર્થીઓ સાથે કામ કરવામાં વધુ ઈચ્છા રહેલી છે.તો આપણે જણાવી દઈએ કે કોઈ પણ શાળા માં આપ અલગ અલગ ક્ષેત્રમાં શૈક્ષણિક લાયકાત મુજબ કામ મેળવી શકો છો.સૌપ્રથમ વાત કરીએ તો એ છે પ્રાથમિક અથવા માધ્યમિક શિક્ષક. પ્રારંભિક, મધ્યમ અને ઉચ્ચ શાળાઓમાં કામ કરનારા શિક્ષકો બાળકોને ગણિત, ભાષા કલા, સામાજિક અભ્યાસ, કલા, સંગીત અને વિજ્ઞાન અને તકનીકીમાં વિભાવના શીખવા મદદ કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ જ્યાં તમે કામ કરવા માંગો છો, તમે એક સ્નાતકની ડિગ્રી, ખાસ કરીને શિક્ષણ તાલીમ કાર્યક્રમ, અને એક વ્યાવસાયિક શર્ટિફિકેટની જરૂર પડશે.અન્ય ક્ષેત્ર છે ગ્રંથપાલ નું. પુસ્તકાલયો સ્કૂલ, જાહેર, શૈક્ષણિક, કાયદો, તબીબી અને બિઝનેસ લાઈબ્રેરીઓમાં સામગ્રીને પસંદ અને ગોઠવે છે. તેઓ આ સ્રોતોનો ઉપયોગ કેવી રીતે કરવો તે લોકોને શીખવે છે તમને આ વ્યવસાયમાં કામ કરવા



માટે લાયબ્રેરી સાયન્સ (એમએલએસ) માં માસ્ટર ડિગ્રીની જરૂર પડશે. પ્રમાણીકરણ અને લાઈસન્સિંગ આવશ્યકતાઓ રાજ્ય દ્વારા બદલાય છે.ત્યારબાદ અન્ય પદ ની વાત કરીએ તો એ છે કસરતી કોચ અથવા પી.ટી ટીચર. એક એથ્લેટિક કોચ તરીકે કારકીર્દિમાં રમતા રમતા અને તમારા પ્રેમના શિક્ષણમાં તમારો અનુભવ ભેગું કરો. તમારી નોકરીમાં એથ્લેટ્સ શીખવવાનો સમાવેશ થશે કે કેવી રીતે વ્યક્તિગત અને ટીમ રમતોમાં તેમના દેખાવમાં સુધારો કરવો. તમે નવા સહભાગીઓને નિયમોમાં રમતમાં પણ સૂચના આપી શકો છો. કોચ બંને વ્યાવસાયિક અને કલાપ્રેમી એથ્લેટ્સ સાથે કામ કરે છે. એક રમત, સીપીઆર અને પ્રથમ સહાય તાલીમ આપના અનુભવ અને શક્યતઃ રમતો સલામતી અને કોચિંગ અભ્યાસક્રમો તમને આ ક્ષેત્રમાં પ્રવેશ આપી શકે છે. જાહેર હાઈસ્કૂલમાં કામ કરવા માટે, તમારે શિક્ષક બનવું પડશે. કૉલેજ અને વ્યવસાયિક ટીમના કોચને સામાન્ય રીતે સ્નાતકની ડિગ્રીની જરૂર હોય છે.અને છેલ્લે કોઈ પણ શાળા ના સૌથી ઊંચા પદ ની વાત કરીએ તો એ છે આચાર્ય. શાળાના વહીવટકર્તાઓ તરીકે, આચાર્યો વિકાસ અને નીતિઓ અને કાર્યક્રમો અમલમાં મૂકે છે, ફેકલ્ટીની દેખરેખ રાખે છે, અને અન્ય કાર્યો કરવા માટે ખાતરી કરો કે શાળાએ તેના શૈક્ષણિક ધ્યેયો પ્રાપ્ત કર્યા છે. મુખ્ય બનવા માટે, તમારે પહેલા શિક્ષક તરીકે કામ કરવું પડશે અને પછી શૈક્ષણિક વહીવટ અથવા શૈક્ષણિક નેતૃત્વમાં માસ્ટર ડિગ્રી મેળવી લેવી પડશે.આ સિવાય આપ શાળામાં શિક્ષક સિવાયના ક્ષેતરો જેવા કે એડમીન,ટાઈપિસ્ટ અને રિસેપ્ટિનસ્ટ તરીકે પણ જોડાઈ શકો છો.

૩. હું ધો.૧૦ સુધી જ અભ્યાસ કરી શક્યો છું.મારે સરકારી નોકરી મેળવવી છે.એ માટે એમ.ટી.એસ ની પરીક્ષાની માહિતી આપવા વિનંતી.

- રાજુ પટેલ, બનાસકાંઠા

એમ.ટી.એસ એટલે કે મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ એ કેન્દ્ર સરકાર હેઠળ ની જગ્યાઓ છે જે એસ.એસ.સી એટ્લે કે સ્ટાફ સિલેકસન કમિશન દ્વારા યોજવામાં આવે છે.આ જગ્યાઓ માં મુખ્યત્વે કેન્દ્ર સરકાર ની કચેરીઓ માં પ્યૂન, ઓફિસબોય ,હેલ્પર,માળી વગેરે જેવી જગ્યાઓ માં ભરતી થતી હોય છે. બહુ ઓછી સરકારી જગ્યાઓ ૧૦ પાસ ઉપર ભરવામાં આવે છે આ આમાં ની એક જગ્યા છે.આનું પગાર ધોરણ પણ ૧૮૦૦૦ થી ૨૨૦૦૦ હોય છે જે પ્રમાણ માં છે.આ પરીક્ષા મુખ્યત્વે બે સોપાન માં લેવામાં આવે છે.પ્રથમ સોપાન માં આપને વિકલ્પ આધારિત પ્રશ્નો સારા હોય છે.જે કુલ ૧૦૦ માર્કસ નું હોય છે અને ટાઈમ ૯૦ મિનિટ આપવામાં આવે છે.એમાં ઉત્તીર્ણ થતાં બીજું સોપાન લેખિત આધારીત પ્રશ્નો નું હોય છે જેમાં નિબંધ અને પત્રલેખન આધારિત હોય છે.જે ૧૦૦ માર્કસ નું અને ટાઈમ બે કલાક આપવામાં આવે છે.આ પરીક્ષા નો અભ્યાસક્રમ મુખ્ત્યવે ગણિત, રીઝનિંગ, અંગ્રેજી અને જી.કે આધારિત હોય

છે.અને આપને એ પણ જણાવી દઈએ કે કે તાજેતર માં જ આ જગ્યા ની ભરતી બહાર પડી છે જે આપ એસ.એસ.સી ની વેબ સાઈટ પર જોઈ શકો છો જેની ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૯ મે છે.તો આપ અત્યાર થી જ આ પરીક્ષા માટે તૈયારી ચાલુ કરી શકો છો અને ધારી સફળતા મેળવી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner

જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે વિવિધ ઓનલાઈન સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર,તા. ૧૫

ગુજરાત ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગનાઆચાર્યાબેન શ્રી રમીલાબેન એસ ચૌધરી ના માર્ગદર્શન હેઠળ નિબંધલેખન,કાવ્યલેખન તેમજ ચિત્ર સ્પર્ધા ઓનલાઈન યોજાઈ ગઈ .જેમાં નીચે દર્શાવેલ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

લોકડાઉનમાં પણ વિદ્યાર્થીઓએએ ઉત્સાહથી 'કોરોના વોરિયર્સ' વિષય પર કાવ્ય નિબંધ તથા ચિત્રમાં ભાગ લઈ, શાળાને ગૌરવ અપાવ્યું છે. આ ઓનલાઈન સ્પર્ધામાં ૩૦ વિદ્યાર્થીઓ નિબંધલેખન, ૨૭ વિદ્યાર્થીઓ ચિત્રસ્પર્ધા, અને ૧૧ વિદ્યાર્થીનીઓએ કાવ્યલેખનમાં ભાગ લીધો હતો. આમ ટોટલ ૬૮ વિદ્યાર્થીઓ આ ઓનલાઈન સ્પર્ધામાં ભાગ લઈ તેને સફળ બનાવી હતી.

ગાંધીનગર રેડક્રોસના સભ્યો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી રેડક્રોસના જીલુભા ધાંધલને એ+ લોહી ૩ બોટલ જરૂર તાત્કાલિક હોવાનો ફોન આવ્યાથી રેડક્રોસ સભ્યો પ્રકાશભાઈ બાબરભાઈ દેસાઈ, સેકટર-૨, મેહુલભાઈ પટેલ, સેકટર-૨, રાકેશભાઈ હરિભાઈ ઉપાધ્યાય, સેકટર-૪, મેહુલભાઈ પટેલ, સેકટર-૮ ને હિતેલભાઈ રાવલ સાથે લઈ સિવિલમાં પહોંચી કોરોનાનો ડર રાખ્યા વિના રક્તદાન કરી, દર્દી રાકેશભાઈ ભગવાનભાઈ મિસ્ત્રી, ડી-૪, ત્રીજો માળને નવજીનન આપવામાં નિમિત્ત બન્યા હતા. ગાંધીનગર રેડક્રોસ આ યુવાનોને હૃદયથી વંદન કરી રહી છે.